## -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત પાલડી જલારામ મંદીર પાસે આવેલ અંડરપાસમાં વચ્ચેના ભાગે વેરીંગ કોટ (આર.સી.સી.) નું કામ કરવાનું હોવાથી કલગી તરફના છેડાથી પાલડી તરફના છેડા સુધીનો આશરે ૪૦૦ મીટર સુધીનો એક તરફનો માર્ગ **તા.૧૬/૧૦/૨૦૨૪ થી તા.૧૯/૧૦/૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન બંધ** કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

| **અ.નં.** | **વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ** | **વૈકલ્પિક માર્ગ** |
|---|---|---|
| ૧. | કલગી તરફના છેડાથી પાલડી તરફના છેડા સુધીનો આશરે ૪૦૦ મીટર સુધીનો એક તરફનો માર્ગ વાહન વ્યવહારની અવર-જવર માટે બંધ રહેશે. | **૧.** પાલડી,વાસણા તરફથી આવતો ટ્રાફિક અંડરપાસનો એકબાજુનો રોડ ચાલુ રાખવામાં આવનાર છે તેનો ઉપયોગ કરી અલગ અલગ માર્ગો તરફ જઇ શકાશે.<br>**૨.** આંબાવાડી,લો-ગાર્ડન,કલગી વિગેરે આજુબાજુનો ટ્રાફિક અંડરપાસનો એકબાજુનો રોડ ચાલુ રાખવામાં આવનાર છે તેનો ઉપયોગ કરી અલગ અલગ માર્ગો તરફ જઇ શકાશે. |

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**તા.૧૪/૧૦/૨૦૨૪**

**( એન.એન.ચૌધરી )**
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર